e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 331
Jun 28, 2013

## સુરત મહાનગરપાલિકાનાં સા. વે. (અઠવા) ઝોન ના વી.બી.ડી.સી. વિભાગમાં મોન્સુલ ના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતર્ગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન સમાવિષ્ટ વિસ્તારોમાં પેરીડોમેસ્ટિક સર્વે દરમ્યાન પીપલોદ વસુંધરા સોસાયટી, ઘોડ દોડ રોડ કુબેર કોરીડોર તેમજ સીટીલાઈટ અને ભટારના સરદાર પાર્ક, મહાદેવનગર તેમજ શિવમ નર્સરી જેવા વિસ્તારોમાં ચેકિંગ દરમ્યાન ખુલ્લા પ્લોટમાં પાણીનો ભરાવો જોવા મળતા મચ્છરની ઉત્પત્તિ  ન થાય તે હેતુથી જંતુનાશક દવાનો છંટકાવ કરી...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૮/૦૬/૨૦૧૩ તથા તા.૧૯/૦૬/૨૦૧૩ ના રોજ સ્વચ્છતા જાળવાનાં પ્રયાસોમાં સહભાગી બનવા પ્રોત્સાહિત કરવા જનજાગૃતિ અભિયાન

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૮/૦૬/૨૦૧૩ તથા તા.૧૯/૦૬/૨૦૧૩ ના રોજ લિંબાયત ઝોનના આરોગ્ય સ્ટાફ દ્વારા ઝોનમાં ન્યુસન્સ ફેલાવતા ઈસમોની સ્થળ પરની ન્યુસન્સની પ્રવૃતિ  અટકાવી મહાનગરપાલિકાના સ્વચ્છતા જાળવાનાં પ્રયાસોમાં સહભાગી બનવા પ્રોત્સાહિત કરવા ઉપરોકત દિન–ર જનજાગૃતિ અભિયાન અમલમાં મુકવામાં આવેલ હતું...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા નાં સા. વે. (અઠવા) ઝોન ના વી.બી.ડી.સી. વિભાગમાં મોન્સુનના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતર્ગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન સમાવિષ્ટ વિસ્તારોમાં પેરીડોમેસ્ટિક સર્વે દરમ્યાન પીપલોદ બીગબજારની પાછળ, વસુંધરા સોસાયટી, રીમાન્ડ હોમ, ભટાર વિસ્તારના કિમસન પેલેસ બાંધકામ તથા વેસુ વિસ્તારમાં ચેકિંગ દરમ્યાન બાંધકામ તથા ખુલ્લા પ્લોટમાં પાણીનો ભરાવો જોવા મળતા મચ્છરની ઉત્પત્તિ ન થાય તે હેતુથી જંતુનાશક દવાનો છંટકાવ કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સમયઅવધિ પહેલા પૂર્ણ થયેલ ૫(પાંચ) બ્રિજ, વિન્ડપાવર પ્રોજેકટ, વિવિધ લોકોપયોગી સુવિધાઓના રૂા.૨૨૭ કરોડના લોકાર્પિત/ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા ધ્વારા સમયઅવધિ પહેલા પૂર્ણ થયેલ ૫(પાંચ) બ્રિજ, વિન્ડપાવર પ્રોજેકટ, વિવિધ લોકોપયોગી સુવિધાઓના રૂા.૨૨૭ કરોડના લોકાર્પિત/ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિનો કાર્યક્રમ પંડિત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મા. ગુજરાત સરકાર તરફથી ગૃડાએકટ–૨૦૧૧ અન્વયે ગે.કા. બાંધકામ ઈમ્પેકટ ફી ભરપાઈ અંગેની કામગીરી

મા. ગુજરાત સરકાર તરફથી ગૃડાએકટ–૨૦૧૧ અન્વયે ગે.કા. બાંધકામ ઈમ્પેકટ ફી ભરપાઈ કરી કાયદેસર મંજુરી કાર્યવાહી ચાલુ છે. જે કાયદા હેઠળ નગરજનો વધુમાં–વધુ આ કાયદાનો લાભ મેળવે તથા સદર કાયદો વધુમાં વધુ સફળ થાય તે માટે શહેરીજનોને આ કાયદા વિશે જાણકારી મળે તેમજ આમજનતાં જાગૃતિ આવે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## નોર્થ ઝોન (કતારગામ) ખાતેનાં વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે તા.૨૦/૦૬/૨૦૧૩ ના રોજ ચિત્ર સ્પર્ધાનું આયોજન

નોર્થ ઝોન (કતારગામ) ખાતેનાં વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે તા.૨૦/૦૬/૨૦૧૩ના રોજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. તમામ શાળાઓમાંથી ચિત્ર સ્પર્ધામાં કુલ ૩૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર બાંધકામોના માલિકો પાસે કુલ રૂા.૨૬,૫૦૦/– જેટલો વહીવટ ખર્ચ વસૂલ કરવામાં આવ્યો

અત્રેના સાઉથ ઝોન (ઉધના), વી.બી.ડી.સી. વિભાગ દ્વારા અત્રેના ઝોન વિસ્તારમાં આવતા તમામ ખુલ્લા પ્લોટો ચેક કરતાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર નીચે મુજબના ખુલ્લા પ્લોટોના માલિકો પાસે કુલ ૨૬,૫૦૦/– જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષાના આગમનને વધાવવા તા.૧૨/૦૭/૨૦૧૩ને શુક્રવારના રોજ વર્ષાગીત સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષાના આગમનને વધાવવા તા.૧૨/૦૭/૨૦૧૩ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગની અને બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક માધ્યમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધાનું આયોજન સુરત મહાનગરપાલિકા કોમ્યુનીટી હોલ, સુર્યપુર સોસાયટીની બાજુમાં, દિવાળી બાગ, ઋષભ ચાર રસ્તા, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં સા. વે. (અઠવા) ઝોન ના વી.બી.ડી.સી. વિભાગમાં મોન્સુલ ના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંર્તગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :–

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન સમાવિષ્ટ વિસ્તારોમાં પેરીડોમેસ્ટિક સર્વે દરમ્યાન પીપલોદ વસુંધરા સોસાયટી, ઘોડ દોડ રોડ કુબેર કોરીડોર તેમજ સીટીલાઈટ અને ભટારના સરદાર પાર્ક, મહાદેવનગર તેમજ શિવમ નર્સરી જેવા વિસ્તારોમાં ચેકિંગ દરમ્યાન ખુલ્લા પ્લોટમાં પાણીનો ભરાવો જોવા મળતા મચ્છરની ઉત્પત્તિ ન થાય તે હેતુથી જંતુનાશક દવાનો છંટકાવ કરી કુલ–૯ ઈસમો પાસે રૂા.૪૦,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ તદઉપરાંત ચીકુવાડી ભટાર વી.આઈ.પી.રોડ અને બી.આર.ટી.એસ. રોડની આજુબાજુ પાણીનો ભરાવો નિકાલ કરાવી તેમા કુલ–૨૩ સ્થળે પાણીના નિકાલ કરવામાં આવેલ તેમજ જે સ્થળે નિકાલ ન થાય તેવા પાણીના ભરાવવામાં પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવેલ.

આમ, હાલમાં સતત વરસાદને કારણે વિવિધ વિસ્તારમાં પાણીના ભરાવામાં નિકાલની કામગીરી સાથે જંતુનાશક દવા છંટકાવની કામગીરીમાં વી.બી.ડી.સી. ધ્વારા ઝડપથી પગલા લઈ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી/અર્ધસરકારી સંસ્થાઓમાં હાલ સઘન ચેકિંગની કામગીરી દરમ્યાન જે–તે સંસ્થાને જાણ કરી સમય મર્યાદામાં ખામીઓ નિકાલ કરવા વી.બી.ડી.સી. ધ્વારા જણાવવામાં આવેલ, આગામી દિવસોમાં નર્સરી કુંડા– માટલાં તેમજ ધાબા ઉપર રાખવામાં આવેલ નકામી ભંગાર વસ્તુઓમાં પાણી ભરેલ હોય તેવા વસ્તુઓની ચેકિંગ હાથ ધરનાર છીએ જેથી લોકો એ પોતાના ઘરે કે ધાબા પર નકામી ચીજ વસ્તુઓ કે પડતર સામાન જેમા પાણી ભરાય તો તેનો નિકાલ કરી સુરત મહાનગરપાલિકાને સહકાર આપવા વિનંતી.

TOP

## સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૮/૦૬/૨૦૧૩ તથા તા.૧૯/૦૬/૨૦૧૩ ના રોજ સ્વચ્છતા જાળવાનાં પ્રયાસોમાં સહભાગી બનવા પ્રોત્સાહિત કરવા જનજાગૃતિ અભિયાનઃ—

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૮/૦૬/૨૦૧૩ તથા તા.૧૯/૦૬/૨૦૧૩ ના રોજ લિંબાયત ઝોનના આરોગ્ય સ્ટાફ દ્વારા ઝોનમાં ન્યુસન્સ ફેલાવતા ઈસમોની સ્થળ પરની ન્યુસન્સની પ્રવૃતિ અટકાવી મહાનગરપાલિકાના સ્વચ્છતા જાળવાનાં પ્રયાસોમાં સહભાગી બનવા પ્રોત્સાહિત કરવા ઉપરોકત દિન—૨ જનજાગૃતિ અભિયાન અમલમાં મુકવામાં આવેલ હતું.

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન ડીંડોલી, નવાગામ, પરવત, મગોબ વિસ્તારની વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં આવેલ શોપીંગ કોમ્પલેક્ષ તથા મેઈન રોડ ઉપર આવેલ જુદી—જુદી સંસ્થાનો ખાદ્ય—અખાદ્ય સંસ્થાના માલિકો ધ્વારા નાંખવામાં આવેલ ધંધાકીય કચરો કાગળ, પ્લાસ્ટીક, ગંદુ પાણી વહેવડાવી ગંદકી કરતા તમામ સંસ્થાને સ્થળ ઉપર સહકાર મેળવી તેમની પાસે સાફ—સફાળ કરાવ્યા બાદ કુલ—૭૧ ઈસમો પાસે રૂા.૨૪,૩૦૦/— નો વહીવટી ચાર્જ તેમજ ૧૨ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરી કુલ—૪૨ ઈસમોને નોટીસ પાઠવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

વધુમાં અત્રેના ફાઈલેરીયા, મેલેરીયાના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા પણ ગોડાદરા તથા ડીંડોલી વિસ્તારમાં નવા બાંધકામોમાં વરસાદી પાણીનો ભરાવો થયેલ હોવાથી અગાઉ નોટીસ/ચેતવણી આપવામાં આવેલ હતી. પરંતુ તેઓ ધ્વારા અમલ ન કરતા તેમની પાસેથી પણ રૂા.૧૭,૫૦૦/— વહીવટી ચાર્જ વસુલ કરી પાણીનો નિકાલ કરવામાં આવેલ છે. તેમજ બાંધકામોમાં પાણીનો ભરાવો થઈ મચ્છર ઉત્પત્તિ સ્થાન ન થાય તે માટે નોટીસો આપવાની કાર્યવાહી તથા ઝોનમાં ૪૨ જગ્યા પાણીનો ભરાવો થયેલ હોય તે સ્થળે પોરા ભક્ષક માછલીઓ મુકવામાં આવેલ છે.

આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૪૧,૮૦૦/— વહીવટી ચાર્જ તેમજ ૪૨ નોટીસો પાઠવવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા નાં સા. વે. (અઠવા) ઝોન ના વી.બી.ડી.સી. વિભાગમાં મોન્સુનના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતર્ગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :–

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન સમાવિષ્ટ વિસ્તારોમાં પેરીડોમેસ્ટિક સર્વે દરમ્યાન પીપલોદ બીગબજારની પાછળ, વસુંધરા સોસાયટી, રીમાન્ડ હોમ, ભટાર વિસ્તારના કિમસન પેલેસ બાંધકામ તથા વેસુ વિસ્તારમાં ચેકિંગ દરમ્યાન બાંધકામ તથા ખુલ્લા પ્લોટમાં પાણીનો ભરાવો જોવા મળતા મચ્છરની ઉત્પત્તિ ન થાય તે હેતુથી જંતુનાશક દવાનો છંટકાવ કરી કુલ–૧૧ ઈસમો પાસે રૂા.૪૯,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ તદઉપરાંત સરસાણાગામ, પોદ્દાર રેસી., કેનાલ રોડ, પનાસ, ભટાર અઠવા વિસ્તાર માંથી વરસાદી પાણીના ભરાવાનો નિકાલ કરાવી તેવા કુલ–૪૪ સ્થળે પાણીના નિકાલ કરવામાં આવેલ તેમજ જે સ્થળે નિકાલ ન થાય તેવા પાણીના ભરાવામાં પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવેલ.

આમ, હાલમાં સતત વરસાદને કારણે વિવિધ વિસ્તારમાં પાણીના ભરાવામાં નિકાલની કામગીરી સાથે જંતુનાશક દવા છંટકાવની કામગીરી વી.બી.ડી.સી. ધ્વારા ઝડપથી પગલા લઈ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી/અર્ધસરકારી સંસ્થાઓમાં હાલ સઘન ચેકિંગની કામગીરી દરમ્યાન જે – તે સંસ્થાને જાણ કરી સમય મર્યાદામાં ખામીઓ નિકાલ કરવા વી.બી.ડી.સી. ધ્વારા જાણવવામાં આવેલ, આગામી દિવસોમાં નર્સરી, કુંડા–માટલાં તેમજ ધાબા ઉપર રાખવામાં આવેલ નકામી ભંગાર વસ્તુઓમાં પાણી ભરેલ હોય તેવા વસ્તુઓની ચેકિંગ હાથ ધરનાર છીએ જેથી લોકો એ પોતાના ઘરે કે ધાબા પર નકામ ચીજ વસ્તુઓ કે પડતર સામના જેમાં પાણી ભરાય તો તેનો નિકાલ કરી સુરત મહાનગરપાલિકાને સહકાર આપવા વિનંતી.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સમયઅવધિ પહેલા પૂર્ણ થયેલ ૫(પાંચ) બ્રિજ, વિન્ડપાવર પ્રોજેકટ, વિવિધ લોકોપયોગી સુવિધાઓના રૂા.૨૨૭ કરોડના લોકાર્પિત/ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિનો કાર્યક્રમઃ–






સુરત મહાનગરપાલિકા ધ્વારા સમયઅવધિ પહેલા પૂર્ણ થયેલ ૫(પાંચ) બ્રિજ, વિન્ડપાવર પ્રોજેકટ, વિવિધ લોકોપયોગી સુવિધાઓના રૂા.૨૨૭ કરોડના લોકાર્પિત/ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિનો કાર્યક્રમ પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે બપોરે ૩.૦૦ કલાકે રાખવામાં આવેલ. સૌ પ્રથમ ઉધના મગદલ્લા રોડ ઉપર સોસીયો સર્કલ જંકશન ખાતે ફલાય ઓવરબ્રિજ તથા ભટાર ચાર રસ્તા ખાતેના ફલાય ઓવરબ્રિજનું લોકાર્પણ થયા બાદ ઈન્ડોર સ્ટેડિયમમાં અન્ય પ્રકલ્પોનું ખાતમુહૂર્ત તથા ઉદ્‌ઘાટનવિધિ કાર્યક્રમનો આરંભ કરવામાં આવેલ.

મા.કમિશનરશ્રીએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યુ કે ખુબ ટૂંકા સમયગાળામાં સુરત મહાનગરપાલિકા ધ્વારા ૫(પાંચ) બ્રિજનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. જે કોઈપણ શહેરમાં એકસાથે થયા નથી. જે ઘણી જ અદભૂત કામગીરી કહેવાય. સમગ્ર દેશ માટે માર્ગદર્શકરૂપ એવા વિન્ડ પાવર પ્રોજેકટની લોકાર્પણવિધિ થયેથી ૮૦ % વિજળીની બચત થશે. આ વિન્ડ પાવર પ્રોજેકટ ૮.૩ મેગાવોટ ક્ષમતા ધરાવે છે. જે સમગ્ર દેશ માટે માર્ગદર્શકરૂપ છે.

આ ઉપરાંત શહેરી ગરીબો માટે ૭૪૦ આવાસો, આંગણવાડી સી.સી. રોડ, પાણી,ડ્રેનેજ, વરસાદી ગટર લાઈનના કામો, ઓવરહેડ પાણી ની ટાંકી, શાળા, હેલ્થ સેન્ટર, વહીવટી ભવન, વાંચનાલય, ફૂટપાથ, તળાવ અને ગાર્ડન વિગેરે રૂા.**૧૧૩૮૪.૭૪** લાખના ખર્ચે વિવિધ પ્રકલ્પોના કામોની ખાતમુહૂર્ત થયેથી શહેરીજનોને આ પ્રકલ્પોની અવધિ પૂરી થયેથી લાભ મળશે. હવે પછી આંગણવાડીમાં ભણતા બાળકોને નાસ્તો તથા જમવાનુ પણ મળશે. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું શાલ અને સ્વામી વિવેકાનંદજીનું જીવન ચરિત્ર પુસ્તકથી બાળાઓ હસ્તક સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ/ખાતમુહૂર્ત પ્રસંગની તકતીઓનું અનાવરણ તથા વિન્ડ પાવર પ્રોજેકટનું રીમોટ ધ્વારા રાજયકક્ષાના પાણી પુરવઠા અને જળસંપત્તિ (કલ્પસર સિવાય), ગુજરાત રાજયનાં મા.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીનાં વરદહસ્તે કરવામાં આવ્યું.

રાજયકક્ષાના પાણી પુરવઠા અને જળસંપત્તિ (કલ્પસર સિવાય), ગુજરાત રાજયનાં મા.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ તેમના ઉદબોધનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા આજરોજ સમયઅવધિ પહેલા રૂા.૨૨૭ કરોડનાં ખર્ચે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત કરવામાં આવ્યું જે ઘણી જ પ્રશંસનીય કામગીરી છે. કોઈપણ ક્ષેત્રે મુલ્યાંકન કરો તો તેમાં ગુજરાત દેશનું નંબર વન રાજય છે. અને ગુજરાતનાં કોઈપણ શહેરનું કોઈપણ ક્ષેત્રે મુલ્યાંકન કરવામાં આવે તો તેમાં સુરત નંબર વન છે. કોઈપણ દેશમાં સુરત શહેરની શ્રેષ્ઠ કામગીરી માટે વખાણ થાય છે. સુરત શહેરનો સર્વાંગી વિકાસ થઈ રહયો છે તેમાં પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓની કામગીરીનો પણ સમાવેશ થાય છે. વિન્ડ પાવર પ્રોજેકટનાં લોકાર્પણથી ખુબ લાભ થશે અને પર્યાવરણ જાળવણીનો હેતુ જળવાય રહેશે.

શહેરીજનોના આવાગમન માટે સારા રસ્તા, ફલાય ઓવરબ્રિજ, રેલ્વે ઓવરબ્રિજ, ખાડી બ્રિજ વિગેરેનું પણ લોકાર્પણ થયેથી શહેરીજનોના સમય અને ઈંધણમાં બચત થશે અને પીક અવર્સ દરમ્યાન ટ્રાફિકમાંથી મુકિત મળશે. આમ સુરત શહેર બ્રિજોની નગરી તરીકે ઓળખાશે. શહેરને ઝીરો સ્લમ સીટી બનાવવાની પરંપરા જાળવી રાખવાના સોપાન સાથે શહેરી ગરીબો માટે **૭૪૦** આવાસો બનાવવાના કામનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ ઉપરાંત પાણી, ડ્રેનેજ,સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વગર સામાજિક માળખું અધુરુ રહે છે. જેથી આવા કામો પણ હાથ પર લીધા છે. શહેરીજનોને હરવા ફરવાના તથા આનંદપ્રમોદ માટે તળાવ/ગાર્ડન બનાવવાના કામો પણ હાથ ધરવામાં આવ્યા છે. સુરત શહેરના વિકાસમાં સમગ્ર ટીમનો ફાળો છે. નાનામાં નાના કર્મચારીથી માંડીને મોટા અધિકારીશ્રીઓનો શહેર વિકાસમાં ફાળો છે. સુરતને હજી વિકાસના પંથે પાંગરીશું.

સુરત શહેરના પ્રથમ નાગરિક મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે આજરોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા રૂા.**૨૨૭** કરોડનાં ખર્ચે વિવિધ પ્રકલ્પોની લોકાર્પણ/ખાતમુહૂર્તવિધિ કરવામાં આવી છે જે અભિનંદનીય છે જેમાં તત્કાલીન પદાધિકારીશ્રીઓ, કમિશનરશ્રીની ટીમના અધિકારીશ્રીઓ વિગેરેનો ફાળો રહયો છે. હવે પછી સુરત શહેરને કેટલી ઉંચાઈએ અને કેટલી ઝડપે વિકાસના પંથે લઈ જવાનું કામ કરવાનું છે.

**Continue …**

લોકભાગીદારીથી તેમજ વિવિધ સામાજિક સંગઠનો, શૈક્ષણિક સંગઠનો વિગેરેને સાથે રાખી વિવિધ પ્રશ્નો ઉકેલવામાં આવશે. હવે પછી પ્રકલ્પોની વણઝાર શરૂ થવાની છે. ઈમ્પેકટ ફી માટે રાજય સરકારે જે કાયદો અમલમાં મુકયો છે તેનું શહેરીજનોએ પુરેપુરો લાભ લેવો અને ભવિષ્યમાં પોતાને કે પોતાની ભાવિ પેઢીને કોઈ તકલીફ ન રહે તેનો શહેરીજનોએ ઉદાર મને ઈમ્પેકટ ફી કાયદાનો લાભ લેવા અપીલ કરી હતી. હવે પછી કરકસરયુકત વહીવટની સાથે નવા આવકના સ્ત્રોત ઉભા કરી વિકાસની ગતિને ઝડપી બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ કાર્યક્રમ પ્રસંગે સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,મા.સાંસદશ્રી સી.આર.પાટીલ, મા. ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.ધારાસભ્યશ્રી અજયકુમાર ચોકસી, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, મા.ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, મા.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશ દેસાઈ, શાસકપક્ષના નેતાશ્રી રમેશ કે. લાઠીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા શહેરનાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી આજરોજનાં રૂા.૨૨૭ કરોડના વિવિધ વિકાસ કાર્યોના કાર્યક્રમમાં હાજર રહી સફળ બનાવ્યો હતો. છેલ્લે કાયક્રમના સમાપનમાં ડે.મેયરશ્રી દયાશંકર સિંહ સૌનો આભાર વ્યકત કરી આ કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

TOP

## મા. ગુજરાત સરકાર તરફથી ગૃડાએકટ–૨૦૧૧ અન્વયે ગે.કા. બાંધકામ ઈમ્પેકટ ફી ભરપાઈ અંગેની કામગીરી :–

મા. ગુજરાત સરકાર તરફથી ગૃડાએકટ–૨૦૧૧ અન્વયે ગે.કા. બાંધકામ ઈમ્પેકટ ફી ભરપાઈ કરી કાયદેસર મંજુરી કાર્યવાહી ચાલુ છે. જે કાયદા હેઠળ નગરજનો વધુમાં–વધુ આ કાયદાનો લાભ મેળવે તથા સદર કાયદો વધુમાં વધુ સફળ થાય તે માટે શહેરીજનોને આ કાયદા વિશે જાણકારી મળે તેમજ આમજનતાં જાગૃતિ આવે તે હેતુસર સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન (રાંદેર) તરફથી તા.૨૪/૦૬/૨૦૧૩ થી તા.૨૯/૦૭/૨૦૧૩ સુધી પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ઝુંબેશ હાથ ધરવા, આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેમાં આજ તા.૨૪/૦૬/૨૦૧૩ નાં રોજ (૧) અડાજણ પાટીયાથી ધબકાર સર્કલ, અડાજણ ગામ ચાર રસ્તાં (૨) ધબકાર સર્કલી ગોરાટ અડાજણ મેઈન રોડની બંને તરફ આવેલ સોસાયટી તથા ધબકાર સર્કલથી પાલનપુર પાટીયા, રાંદેર બંને બાજુમાં આવેલ સોસાયટીઓમાં વિસ્તારમાં ડે. ઈજનેર, આસી./જુની. ઈજનેર, સુપરવાઈઝર, આકારણી કલાર્ક, સેનીટરી ઈન્સપેકટર એ પ્રમાણે જુદી–જુદી ૦૫(પાંચ) ટીમ બનાવીને મ્યુ. સભ્યશ્રીએ નિરવભાઈ શાહ તેમજ જીગીશભાઈ દવે સાથે સંકલનમાં રહી અંદાજે ૫૦ જેટલી સોસાયટીઓનાં પ્રમુખ/મંત્રીશ્રીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી આ ઈમ્પેકટફીનાં કાયદાનો મહત્તમ લાભ જાહેર જનતાં મેળવે એ મુજબ સ્થળ ઉપર સમજાવી કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) ખાતેનાં વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે તા.૨૦/૦૬/૨૦૧૩ ના રોજ ચિત્ર સ્પર્ધાનું આયોજનઃ–



નોર્થ ઝોન (કતારગામ) ખાતેનાં વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે તા.૨૦/૦૬/૨૦૧૩ના રોજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. તમામ શાળાઓમાંથી ચિત્ર સ્પર્ધામાં કુલ ૩૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમે સુમન શાળા નં.૩ ની વિદ્યાર્થીની કાકલોતર રેણુકા નરેશભાઈ બીજા ક્રમે શ્રી ગીરધર ગોપાલ મુંડદા શાળાની વિદ્યાર્થીની અકબરી પૂર્વી શૈલેષભાઈ તથા ત્રીજા ક્રમે શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ વિદ્યાર્થી કાર્તિક કમલેશભાઈ ગોંડલીયા આવેલ હતા.

સદર સ્પર્ધાના વિજેતાઓના ઈનામ વિતરણ સમારોહ કોન્ફરન્સ હોલ નોર્થ ઝોન (કતારગામ), ગોટાલાવાડી ખાતે રાખેલ હતો. નોર્થ ઝોન (કતારગામ) ના એડી.સીટી. ઈજનેર(સીવીલ) શ્રી બી. આઈ. દલાલ, કાર્યપાલક ઈજનેરશ્રી આર. સી. જરીવાલા, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. એસ. એસ. દાસ, આસી. જંતુનાશક અધિકારી શ્રીમતિ ડો. ગાયત્રીબેન આર. જરીવાલા તથા વી.બી.ડી.સી. વિભાગનાં કર્મચારી સ્ટાફ ધ્વારા આ સ્પર્ધાનાં વિદ્યાર્થઓને ઈનામ વિતરણ કરવામાં આવેલ હતા. તમામ વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ પણ આપવામાં આવેલ હતા. વિદ્યાર્થીઓને મચ્છરજન્ય રોગો વિશે વિસ્તૃત માહિતી તેમજ રોગ અટકાયતના પગલાં વિશે સમજણ આપવામાં આવેલ છે. તમામ વિદ્યાર્થીઓને તેમના વિદ્યાર્થીઓને તેમના ઘરની ટાંકીઓ, અગાશીમાં રાખવામાં આવેલ પડતર સામાન, ડ્રમ/કેરબા તપાસવાનું કહેવામાં આવ્યું. તેમજ માતા–પિતાને તે બાબતે સમજાવવા માટે કહવામાં આવ્યું. સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ શાળાઓનાં શિક્ષકો, વાલીગણ હાજર રહેલ હતા. અને કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

TOP

## સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર બાંધકામોના માલિકો પાસે કુલ રૂા.૨૬,૫૦૦/– જેટલો વહીવટ ખર્ચ વસૂલ કરવામાં આવ્યોઃ–

અત્રેના સાઉથ ઝોન (ઉધના), વી.બી.ડી.સી. વિભાગ દ્વારા અત્રેના ઝોન વિસ્તારમાં આવતા તમામ ખુલ્લા પ્લોટો ચેક કરતાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર નીચે મુજબના ખુલ્લા પ્લોટોના માલિકો પાસે કુલ ૨૬,૫૦૦/– જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.

૧) બાબુભાઈ એસ. ગામીત, ભારત ગેસનું ગોડાઉન, ગણપતનગર, પાંડેસરા રૂા.5,000/-

૨) સુનીલભાઈ એચ. દમવાલા, દમવાલા કંપાઉન્ડ, ભેસ્તાન રૂા. 4,000/-

૩) લક્ષ્મીનારાયણ ઈન્ડ., ઉધના રૂા. 3,000/-

૪) બંકિમભાઈ નટવરલાલ ગોનાવાલા, સાંઈ સમર્પણ કોમન પ્લોટ સામે, પાંડેસરા રૂા. 2,500/-

૫) કિશોરભાઈ એચ. પરમાર, ગણપત નગર, પાંડેસરા રૂા.1,500/-

૬) જાવેદભાઈ મહેબૂબભાઈ, મદનીનગર, ઉન રૂા.1,500/-

૭) બીજા અન્ય ખુલ્લા પ્લોટના માલિકો પાસે કુલ રૂા.9,000/-

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષાના આગમનને વધાવવા તા.૧૨/૦૭/૨૦૧૩ને શુક્રવારના રોજ વર્ષાગીત સ્પર્ધાનું આયોજનઃ–

સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષાના આગમનને વધાવવા તા.૧૨/૦૭/૨૦૧૩ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગની અને બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક માધ્યમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધાનું આયોજન સુરત મહાનગરપાલિકા કોમ્યુનીટી હોલ, સુર્યપુર સોસાયટીની બાજુમાં, દિવાળી બાગ, ઋષભ ચાર રસ્તા, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. વર્ષાગીત સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક/ઉચ્ચ્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી કરવામાં ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા પ્રવેશપત્રો તા.૦૯/૦૭/૨૦૧૩ સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે.

TOP